સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

'બાપુ' થયા પણ 'આશા'ની ઇચ્છાઓ મરતી નથી!
આપે બોધ પણ ખૂદની વાસના ખરતી નથી!
ડરતી નથી આબરૂં, કાંકરા ખર્યા પછી પણ -
પોલીસની બિલાડી એને આડે ઉતરતી નથી!

બન્યા શિકાર
માયાવી પ્રચારના -
બરચન પણ..

સંસદ ચૂલે -
કોલસાના અંગારા,
દઝાડે દેશ...

હાઈકુ

ચિંતન

સુકુલે યોજયેત્કન્યાં પુત્રં વિદ્યાસુ યોજયેત્ ।
વ્યસને યોજયેચ્છત્રું મિત્ર ધર્મે નિયોજયેત્ ॥

ચાણક્ય નીતિમાં, આ શ્લોકમાં રાજનીતિ સાથે કપટનીતિનું પણ જ્ઞાન અપાયું છે ભલે ધર્મની દૃષ્ટિએ પ્રથમ દૃષ્ટિએ એ 'અધર્મ' જણાય પણ 'રાજનીતિ'માં 'એ કપટ' પણ 'નીતિ' જ બની જતી હોય છે આજે સીધી રીતે યુદ્ધ મેદાને લડી અને વિજય ન મેળવી શકે એવા 'નાના' બરચાં જેવા દેશો 'આંતકીઓ' ને ઉછેરી તેને ઘૂસપેઠ કરવા ગોલીબારીથી રક્ષણ આપી પડોશી દેશને નબળા પાડવાની ચાલ રમે છે એ આ 'કપટનીતિ'નો જ ભાગ છે.

'સમજદાર વ્યક્તિ-વાલી-માતા-પિતાનું કર્તવ્ય છે કે પોતાની કન્યાનું લગ્ન ઉચ્ચાં-સારા કુળમાં કરે જેથી સંસ્કાર અને સંબંધો સચવાઇ રહે. વળી માતા-પિતાની ફરજ છે કે પોતાના સંતાનને સારૂં શિક્ષણ અને સંસ્કાર આપે જેને કારણે પુત્રનું માન-સન્માન અને સ્થાન સારી રીતે દીપી ઉઠે.'

વળી શત્રુને યેન-કેન પ્રકાર ફસાવી એને એવા વ્યસન અને ફુટેવો પર ચઢાવી દેવો જોઇએ કે એમાંથી એ બહાર જ ન નીકળી શકે અને તેનું અધઃપતન થાય.

અને સજ્જન મિત્રને સારી સલાહ-માર્ગદર્શન દ્વારા સત્ય અને ધર્મને રસ્તે જાય એવાં સલાહ અને માર્ગદર્શન આપવું જોઇએ.

સુવિચાર

- ખુદ પર ભરોસો રાખો... આસપાસના માહોલ પર તમે પ્રભુત્વ મેળવી શકો છો, એવું મહેસૂસ કરો, તમે સંજોગોના ગુલામ નથી પણ માલિક છો એવો નિર્ધાર કરો - **ઓ.એસ. માર્ડન**
- પ્રેમ + પ્રગતિની પ્યાસ = ખુદને બુલંદ બનાવવાની સીડી.. તથા ઘમંડ + ઘૃણાવૃત્તિ = ખુદને અધોગતિમાં લઇ જતી ખીણ - **રાજુ અંધારિયા**
- હંમેશા બતકની માફક વર્તો.. સપાટી પરથી નિશ્ચલ અને ઘીરગંભીર પણ નીચેથી ઘણા જ મહેનતુ અને ઉત્સાહી - **જેકબ બાઇન**
- દુનિયામાં 'હું જ માત્ર' એક એવી વ્યક્તિ છું.. જેને મારે સંપૂર્ણપણે જાણવી જ જોઇએ - **ઓસ્કાર વાઇલ્ડ**
- નાસીપાસ થવાના જો કોઇ ચોક્કસ કારણો હોય તો એક એ કે કોઇનીય સલાહ લેવી નહીં અને બીજું બધાની સલાહ લેવી - **શાન્તિ ભટ્ટ**
- સફળતાની કલ્પના કરવાનું કેટલું મહત્ત્વનું છે?? તેના વગર બહુ થોડા લોકો જ કંઇક પ્રાપ્ત કરી શકે.. ઉદાહરણ તરીકે, ચાર્લસ ગુડ ઇયરે રબરના ૩૨,૦૦૦ ઉપયોગો વિચારેલા. - **રાજુ અંધારિયા**
- બીજાના અભિપ્રાયમાં દરેક માણસ મૂર્ખ જ હોય છે - **સ્પેનિશ કહેવત**

બોધ કથા

આપણે ધર્મ-અધ્યાય શાસ્ત્રોમાં, યાત્રાધામો તપ અપવાસમાં શોધીએ છીએ, મૂળ પ્રકાશ આપણાં અંદર જ છે, આપણો નાનો અહમ ક્યારેક આપણા નજીકના સંબંધોથી દૂર કરી દે છે અહંમની મીણબત્તી બુઝાવી દઇએ તો પ્રકૃતિની પૂનમનો પ્રકાશ માણી શકાય. સાચું સુખ-દિવ્ય જ્ઞાન-પ્રકૃતિ પુસ્તકો-ગ્રંથોમાં શાસ્ત્રોમાં નથી એના માટે હકારાત્મક દૃષ્ટિથી સમાજ અને આસપાસની પ્રકૃતિ-વાતાવરણને માણતાં આવડવું જરૂરી છે.

કવિવર ટાગોર લેમ્પ પ્રકટાવી એક પ્રાકૃતિક સૌંદર્યનું પુસ્તક વાંચવા વહેલા ઉઠ્યા હતા. પણ કોણ જાણે કેમ એમનું 'મન' વાંચનમાં ચોંટતું નહીં, અને ભોંભાખરૂં થતાં જ ઝરૂખે જઇ ઊભા.

એકાએક બારીઓમાંથી આવતાં ચંદ્રકિરણ જોયાં લેમ્પ હોલવી નાખ્યો - ઘર તળાવની માછલીઓની કૂદાકૂદ જોઇ, પંખીઓનાં કલરવ, કોયલનો ટહુકો અને મારનો ગેહકાટ સંભળાયો, આકાશમાં ફરતી સફેદ પૂણી જેવી વાદળીઓ જોઇ-ટાગોર મુગ્ધપણે આ પ્રાકૃતિક પુસ્તકના વાચનનો આનંદ માણવા લાગ્યા.

એમણે ડાયરીમાં લખ્યું : 'હું કેવો મૂરખ છું! સૌંદર્યની શોધ હું પુસ્તકમાં કરૂં છું, પરંતુ સૌંદર્ય તો મારા દરવાજે જ ઊભું છે જાણે મારે બારણે ટકોરા મારવા જ આવ્યું હતું મેં મારા નાના લેમ્પથી એને બહારે જ રોકી રાખ્યું હતું.'

Email - sureshchandrabhatt18@gmail.com

અમારૂં વહાણ રોસ ટાપુના જેટ્ટી પર આવીને અટક્યું, આ ટાપુ અત્યારે સંપૂર્ણ રીતે ભારતીય નેવી ને હસ્તક છે અમે સૌ ઊતર્યા, ચેક પોસ્ટ પસાર કરી આગળ જતાં ગુલાબી રંગના સુંદર મકાનો જોતાં આનંદ થયો

આજે અમારે રોસ દ્વીપ જોવા જવાનું હતું તેથી સવારમાં વહેલા તૈયાર થઇ પોર્ટ બ્લેરના અબર્ડીન જેટી પર બધાં આવી ગયા. રોસ ટાપુ અહીંથી ૩ કિ.મી. દૂર છે. ત્યાં જવા માટે મોટી ડીઝલ એન્જીનથી ચાલતી બોટની ફેરી સર્વીસ છે. તે બુધવાર સિવાય રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ અને ૧૨.૩૦ થી ૨ વાગ્યા સુધી ચાલે છે. આ ફેરી બોટનું ભાડું પાંચ વર્ષથી ઉપરની ઉંમરનાઓ માટે ૭૫ રૂા. છે. રોસ દ્વીપ પર પહોંચીએ એટલે ત્યાં નૌકાદળની નાનકડી જેટી ઉપર વ્યક્તિ દીઠ ૨૦ રૂપિયાની ટીકીટ લઇને પ્રવેશ મળે છે. અબર્ડીનથી રોસ દ્વીપ જતાં લગભગ અર્ધો કલાક થાય છે. અહીં એક મહિલા ટૂરિસ્ટ ગાઇડની સેવા ઉપલબ્ધ છે.

અહીં ફેરી સર્વીસની ત્રણ બોટ પડી હતી. તેમાંથી એક બોટમાં પેસેન્જરો ભરાઇ ભરાઇ જતાં ઉપડવાની તૈયારી હતા. તે ઉપડી ગઇ એટલે બીજી બોટ તેની જગ્યાએ મુકાઇ અમારા ગ્રુપ તે તેમાં બેસવાનું હતું.

દરિયાના મોજાઓ ઉછળતા હતા છતાં આજે દરિયો કંઇક શાંત લાગતો હતો. દરિયાઇ ઠંડો પવન આહ્લાદક હતો તેથી વાતાવરણમાં પ્રસરેલ ઠંડક મને પ્રસન્નકર લાગતી હતી. આકાશ વાદળોથી છવાયેલું હતું. અમે સૌ બોટમાં ગોઠવાયાં એટલે બોટ ઉપડી. બોટમાં અમારી સાથે રહેલા ગાઇડ સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે અંગ્રેજ અધિકારી ડેનિયલ રોસના નામની પરથી આ ટાપુનું નામ રોસ ટાપું પડ્યું છે. તે મરીન એન્જીનીયર હતો. આ ટાપુ ૨૦૦ એકરના વિસ્તારમાં ફેલાયેલો છે. તેની લંબાઇ ૪૫૦૦ ફૂટ છે. બે તરફના સમુદ્ર કિનારા અને ઉત્તર દિશામાં એક નાનો પહાડ છે. આ ટાપુના ભૂગર્ભમાં પુષ્કળ મીઠું પાણી છે. જંગલની વનસ્પતિઓ, ઝાડી ઝાંખરા અને વેલાઓની સાથે સાથે નારીયેળનાં ઘણાં વૃક્ષો છે. અબર્ડીન અને આ ટાપુની વચ્ચે જે સામુદ્રીક ખાડી છે તેને ૧૮મી સદીના પ્રારંભમાં આવેલ એસ.એસ. સ્વાટિક નામના અંગ્રેજોના વહાલણના નામ પરથી ખાડીનું નામ સ્વાટિક બે રાખ્યું છે. અમારી બોટ અત્યારે તેમાંથી પસાર થતી હતી. રોસ દ્વીપને પોર્ટ બ્લેરના પ્રહરી તરીકે ઓળખાવીએ તો કંઇ ખોટું નથી. કારણ કે ૨૬ ડીસેમ્બરે ૨૦૦૪મા આવેલ વિનાશકારી સુનામી વખતે જો આ ટાપુ વચ્ચે ન હોત તો અર્ધાથી વધુ પોર્ટ બ્લેર શહેર બરબાદ થઇ ગયું હોત. ગર્વમેન્ટ પ્રેસ, કોલેજ, રામકૃષ્ણ મિશન, મેરીના પાર્ક અને નેતાજી સ્ટેડિયમનું નામોનિશાન રહ્યું ન હોત. રોસ દ્વીપ વચ્ચે આવી જતાં તેના પર થયેલ વિનાશનાં તાદૃશ્ય રૂપ તેની પાછળના ભાગની ખુલ્લી જમીન અને પહોળા ખડકોમાં પડેલી તિરાડો ને જોઇને તેની ભયાનકતાનો ખ્યાલ આપે છે.

આ રોસ દ્વીપના ઉત્તર અને પશ્ચિમ વિસ્તારમાં ગીચ માનવ વસવાટ જોવા મળતો હતો. તેમાં અધિકારીઓનાં નિવાસસ્થાનો, પુજારીઓનાં ઘર, મેમ અને સ્ટેશન કલબ, ટપાલ અને તાર ઘર, ટ્રેઝરી, ગોડાઉન, ફલોર મીલ, પ્રિન્ટીંગ પ્રેસ, સેટલમેંટ કલબ, પાવર હાઉસ, બ્રેયોલર સ્ટેશન જેવા ૯૦ ટકા યંત્ર સામગ્રી ઇંગ્લેન્ડના માન્ચેસ્ટરથી આયાત કરવામાં આવતી હતી. બેકરી, આઇસ અને મિનરલ વોટર પ્લાન્ટ, સ્વીમીંગ પુલની પણ અહીં વ્યવસ્થા હતી. તે વખતે બેકરીમાં મહિલા કેદીઓ પાસે કામ લેવામાં આવતું હતું. તે ઉપરાંત ફરજન અલી સ્ટોર, ભારતીય અધિકારીઓ અને સૈનિકોનો બેરેક ગાર્ડ રૂમ, ટેનિસ કોર્ટ, ટેમ્પલ કલબ પણ હતી. તે સમયે આ ટાપુ પર બે જેટીઓ હતી. જેમાં એક ફક્ત અંગ્રેજો માટે જ હતી. પછીથી માત્ર એક જ જેટ્ટી રહી ગઇ. ઇ.સ. ૧૮૭૨માં અહીં યુરોપિયન બાળકો માટે એક પ્રાઇવેટ સ્કૂલ પણ શરૂ થઇ હતી. પણ લોર્ડ મેયોએ તેની મુલાકાત લીધા બાદ સ્કૂલને પોર્ટ બ્લેરના ગર્વમેન્ટ પ્રેસની જગ્યાએ લઇ જવામાં આવી. તે સમયે આ સ્કૂલમાં માસ્ટર મોતીરામ, સુભાન અલી જેવા નામાંકિત શિક્ષકો ભણાવતા હતા. તે દિવસોમાં આવન-જાવન માટે ખાસ કોઇ વ્યવસ્થા નહોતી. તેના કારણે અહીં જગા પણ નહોતી કે માટાં વાહનો અવર જવર કરી શકે. જેટ્ટી પર એક મોટર બોટ કાયમ તૈનાત રાખવામાં આવતી હતી. તેમાં ફક્ત ચીફ કમિશ્નર બેસીને અબર્ડીન જેટ્ટી જતો આવતો. તે પછી ડેપ્યુટી કમિશ્નરની દોરવણીમાં ટ્રાન્સપોર્ટ વિભાગની સ્થાપના થઇ. તેની જવાબદારી એક એંગ્લો ઇન્ડીયન મેકડોનાલ્ડ ને સોંપવામાં આવેલી. જો કે તે પોતે પોતાની નાનકડી કારમાં બેસીન ચીફ કમિશ્નર ને બંગલે આવજા કરતો જે ચીફ કમિશ્નરને ગમતું નહીં તેથી તેની ટ્રાન્સફર તેણે કલકત્તા દીધેલી. તે પછી સુધીર રાહા ને ટ્રાન્સપોર્ટ વિભાગ સોંપાયેલો. તેણે આ દ્વીપો પર જાપાનીઓનો કબજો થયો ત્યાં સુધી વહીવટ સંભાળેલો. તે જમાનામાં અહીંના રહેવાસીઓમાં એસ.એસ. મહારાની સ્ટીમર બહુ જ પ્રખ્યાત હતી. તેના આગમનના સમાચાર મળતાં અડધું પોર્ટ બ્લેર તેને જોવા ઉમટી પડતું કારણ કે આ સ્ટીમર તેમનાં માટે જીવનાધાર સમાન હતી. તેના દ્વારા જ મુખ્ય ભૂમિ હિંદુસ્તાનથી સેંકડોની સંખ્યામાં કેદીઓ અને અનેક ટન માલસામાનની હેરાફેરી થતી હતી. તેની સાથે સાથે બિહારના સોનપુરના મેળામાંથી વન વિભાગ દ્વારા ખરીદવામાં આવેલા હાથીઓને પણ અહીં લાવવામાં આવ્યા હતા. આ મોટા વહાણની સાથે એસ.એસ. શાહજાદા નામનું વહાણ પણ જોડાયેલું. આ વહાણોની માલીકી એશિયસ્ટિક સ્ટીમ નેવીગેશન કંપનીની હતી. તે વખતે જેટ્ટીની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી આ વહાણો રોસ દ્વીપના નજીકમાં સમુદ્રમાં લાગરવામાં આવતા અને નાની નાની હોડીઓ દ્વારા પ્રવાસીઓ અને માલસામાનની હેરફેર કરવામાં આવતી. તેથી જયારે આ વહાણો આવે ત્યારે આ દ્વીપની રૌનક વધી જતી. વહાણના નાવિકો અહીંના બજારોમાં અને કલબોમાં આવતા. રોસ અને સ્મિથ દ્વીપની વચ્ચે નોર્થ આંદામાનમાં એક પ્રાકૃતિક પુલ પણ બનેલો છે, જે રેતીનો બનેલો છે.

આ વાત ચાલતી હતી ત્યાં સામે રોસ ટાપુ દેખાવા લાગ્યો. દૂરથી અમે જોયું તો નાનાં નાનાં મકાનો દેખાતાં તે સાથે ટાપુના કિનારા પર ઊંચા ઊંચા નારીયેળીના વૃક્ષોથી ટાપુ આચ્છાદિત હોય તેવું લાગતું હતું. અમારી બોટ નજીક જતાં સહેલાણીઓમાં કોઇ પોતાના મોબાઇલથી તો કોઇ કેમેરાથી રોસ ટાપુના ફોટોગ્રાફસ લેતા હતા.

અમારૂં વહાણ રોસ ટાપુના જેટ્ટી પર આવીને અટક્યું. આ ટાપુ અત્યારે સંપૂર્ણ રીતે ભારતીય નેવી ને હસ્તક છે અમે સૌ ઊતર્યા. ચેક પોસ્ટ પસાર કરી આગળ જતાં ગુલાબી રંગના સુંદર મકાનો જોતાં આનંદ થયો.

આ રોસ ટાપુ સને ૧૮૫૮થી ૧૯૪૬ સુધી અંગ્રેજો અને જાપાનીની રાજધાની હતી. આજે તો આ રાજધાની ખંડેરોમાં પરિવર્તિત થઇ ગઇ છે. અહીંયા જોવા મળતી પુરાતન ઇમારતોમાં સેના બેરેક્સ, મુખ્ય આયુક્તનો બંગલો, કચેરી, ચર્ચ, બેકરી, પ્રેસ, દવાખાનું, પાણીની ટાંકી, વિદ્યુતઘર, અંગ્રેજોની કલબ અને કબ્રસ્તાન જોવા મળે છે. આ દ્વીપ પર એક 'ગ્લાસ હાઉસ' (કાચઘર) બનાવવામાં આવ્યું છે. તેમાં અંગ્રેજોના સમયનો પત્રવ્યવહાર, રોસ રાજધાનીનું ચિત્રણ અને બીજી ઘણી જુની વસ્તુઓ રાખવામાં આવી છે. જે અહીં જોવા આવનાર માટે રસપ્રદ છે. આ ટાપુને રાજધાનીનું સ્વરૂપ આપવામાં ક્રાંતિકારીઓએ પોતાના લોહીનું પાણી કર્યું હતું. આ બધી જગાઓ જોવા જુદા જુદા ગ્રુપમાં અમે સૌ એ ફરીને જાપાનીસ બેકર, તેમજ વચ્ચે પ્રવાસીઓ માટે બનાવેલ કુટિરો હતી ત્યાં ત્યારે સામેની હરિયાળીમાં બે-ત્રણ હરણને ફરતાં જોયા ગાઇડ દ્વારા જાણવા મળ્યું કે અંગ્રેજ અમલદારો મોર અને હરણને અહીં આવેલા. આ ટાપુ ઉપર અત્યારે ચિત્તલ જે ટપકવાળું હરણ હોય છે તેની વસ્તી અહીં પુષ્કળ પ્રમાણમાં છે. જે અહીંના જંગલના ઘાસની સાથે સાથે દુર્લભ વન્સપતિઓના ઉગતા છોડવાઓનો નાસ કરે છે. પરંતુ આ તૃણાહારી પશુની વસ્તીના વધારાને કાબુમાં રાખે તેવા માંસભક્ષી પ્રાણીઓ આ જંગલમાં નથી. વળી કાયદાનું તેને રક્ષણ મળતાં તેનો વસ્તી વધારો આ ટાપુ પર મોટી સમસ્યા બની ગઇ છે.

અમારા સાથે આવેલા માર્ટીન પરેશ રાજ અને રોમા રૂપલ ફાંક તો આ હરણની પાછળ પાછળ ફરીને તેની સાથે ફોડા પાડવામાં મશગુલ બની ગયા હતા.

અહીં સામેની ટેકરી પર દેખાતા સુંદર કુદરતી દશ્યો જોઇને હું અભિભૂત થયો તો. તે ફિલ્મોમાં કંડારાય તો આ ટાપુની સુંદરતાથી લોકો પરિચિત થાય. એવું કંઇ અહીં થયેલું છે ખરૂં?

મારી વાત સાંભળીને ગાઇડ કહ્યું, 'હાં, સર, કૌશિક ગુપ્તા નામે ડાયરેકટરે અહીં સૌ પ્રથમ લઘુ ફિલ્મ બનાવેલી. તેમણે પહેલાં એક ઓંગી અને આંદામાની વનવાસીઓ ઉપર પણ ફિલ્મ બનાવી હતી. એ પછી તો બોલીવડુની ઘણી વિશ્વ પ્રસિદ્ધ ફિલ્મ રસ્સીઓ જેમ કે શેખર કપુર, શબાના, આઝમી, કમલ હસન, મોહનલાલ જેવા જાણીતા ફિલ્મ નિર્માતાઓ અને કલાકારોએ રસ લીધો. તેના કારણે 'એક જાન હૈ હમ', 'પ્રેમ', 'સજા-એ-કાલાપાની' જેવી ફિલ્મોનું શુટીંગ અહીં થેયલું જેણે આ ટાપુને દેશ-વિદેશમાં ખ્યાતી અપાવી.

'ઓહો!

(અનુસંધાન પાના નં. ૬ પર)

...વડ બાવળનો આ ત્યાગ જોઇ શરમાયો, તેને મનમાં બહુ પસ્તાવો થયો, અને તેણે બાવળને કહ્યું, હું જીવનભર તારૂં ઋણ ચુકાવી નહીં શકું

કથા સેતુ

લઘુકથા : ત્યાગ

બાવળ અને વડ બંને રસ્તાની બાજુમાં એક બીજાના સામે ઉગેલા હતા. વડની છાયામાં ઘણા રાહદારીઓ બેસી વિશ્રામ કરતા અને રાહતનો શ્વાસ લેતા. તેની નીચે ઉનાળાના સમયમાં પરબ પણ બેસાડવામાં આવતી હતી. વડના આ બધા ઉપકારો જોઇને બાવળ પોતાને બહુ હલકો, નીચો અને નાનો સમજતો હતો. વડ પોતાના ઉપકારો પર ખુબ અભિમાન કરતો હતો. તે બાવળના કાંટાઓને જોઇને હસતો અને વ્યંગ કરતો. તે બાવળથી ઘૃણા કરતો તો. વાત વાતમાં તેના પર ચીડાઇ પણ જતો.

એક દિવસ ચાર હાથીઓને લઇને સાધુઓનો એક કાફલો ત્યાંથી નીકળતો હતો. શિયાળાનો દિવસ હતો. વડને જોઇને હાથીઓમાં મોંમાં પાણી આવ્યું. તો બધા બાવળ પાસે થોડીવાર ઊભા રહી બોલ્યા, હમણાં ગામમાં જઇ જે મળે તે માંગી લાવીએ. સાંજે આવીને આ વડ નીચે જ રોકાઇશું. તેની ડાળીઓ કાપીને હાથીને ખવડાવીશું.

આ બધી વાત બાવળે સાંભળી. તેને દયા આવી. હાથીઓ અને સાધુનો કાફલો ગામ તરફ ગયો. બાવળે તેના માલિકને મનોમન પ્રાર્થના કરી, "હે માલિક તમે જલ્દી આવો અને મારા કાંટાળી ડાળીઓ કાપી આ વડને બચાવો."

માલિકે જાણે કે તેની વાત સાંભળી. તેણે આવી બાવળની ડાળો કાપીને વડની આજુબાજુ પહોળી વાડ કરી દીધી જેથી હાથીઓનું ઝૂંડ વડ સુધી પહોંચી શકે નહીં.

સાંજે છ વાગ્યે હાથીઓને લઇ સાધુઓ ત્યાં પાછા આવ્યા. તેમણે વાડ જોઇ તેથી બીજે ગામ જતા રહ્યા. વડ બચી ગયો. વડ બાવળનો આ ત્યાગ જોઇ શરમાયો. તેને મનમાં બહુ પસ્તાવો થયો. અને તેણે બાવળને કહ્યું. હું જીવનભર તારૂં ઋણ ચુકાવી નહીં શકું.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

● કાવ્ય સેતુ

ગીત

શમણાને કહેજો કે સાનમાં રે...
ઝરણાને કહેજો કે માઝામાં રે...
સરવરની પાળે ને રાધાની સાથે...
મુરલી વગાડે મારો શ્યામ રે...
તનના તંબૂરાને મનમા મંઝીરા
મન ભરી રમઝટ જમાવે રે...
શમણા ને...
માટીની મહેંકમાં મોર જો ટહુક્યો
ઝરમર ઝરમર મેહુલો વરસ્યો...
ને ભીંજાઇ ગઇ મારી પ્રીત રે...
શમણા ને...
વાદળીઓ વરસીને ભીંજાઇ ગઇ ચૂંદડી
શેરડો સંકોરીને સલૂણી શરમાઇ
પરણ્યાની યાદમાં ખોવાઇ રે...

- ભીખુ કવિ

● આ નગર...

(રાજકારણ)

શતરંજના દાવપેચનું આ નગર,
ખૂરસીને ટાંટિયાખેંચનું આ નગર,
માહોંમાંહે ખેલાય મેચનું આ નગર,
આપે એકમેકને રેચનું આ નગર,

(અધિકારી)

ચાલે બધુ સનદી બેચનું આ નગર,
રહે નિજ મસ્તીમાં ઢેંચનું આ નગર,
'મફત'ને 'પાસ'ના પેચનું આ નગર,
'ઘર'-જમીનની લે-વેંચનું આ નગર...

(કર્મચારી)

પૈસાની રહે સદાય ખેંચનું આ નગર,
પહેલી તારીખે લે ઢીંચનું આ નગર
લોન-હપ્તાના લાગે રેચનું આ નગર
દે લોભામણા ઇઝી કેચનું આ નગર...

(લોકો)

બદ્લી-બદલીના દાવપેંચનું આ નગર
દબાણ-લાગવગની ખેંચાખેંચનું આ નગર

- સુરેશ પ્રા. ભટ્ટ

● મફતમાં - મુક્તકો

(૧) વરસાદ જોને આવ્યો, પાણી મળે મફતમાં
વાછંટ ભેગી આવી, ભીનાશ મળે મફતમાં
ઘર આખું વારેવારે થયું ખૂબ ભીનું
ભીનાશ જાય તો... ને? પોતા કરો મફતમાં
મચ્છર ભેગી માખી ઉડે ગણગણ કરતી
સાવધ રહેજો ભાઇ, રોગો મળે મફતમાં
(૨) અચાનક ઝાપટુ આવ્યું
થયો સૂકવેલ કપડાં પર હાવી
(ખચાક... ખચાક... ખચાક)
બાથ ભરીને ઘરમાં આવ્યો
મરમ ક્યોં બૈરીએ આવી જરા જુઓ તો ખરાં પાછલ
બેગી વળગણીય આવી!

- ભગદિવ ભટ્ટ 'બિન્દાસ'

જેણે પોતાનું મન સદ્‌ગુરૂને સોંપ્યું-વેચ્યું તેના બધા કામ થઇ જાય છે

'મન તો બચ્ચા હૈ જી'

- લક્ષ્મી વાઘવાણી

"મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત." જેણે મનને જીત્યું એણે જગ જીત્યું, "મન બેરો ગુરૂ કે પાસ તિન કે સારે કારજ રાસ (અર્થાત જેણે પોતાનું મન સદ્‌ગુરૂને સોંપ્યું/વેચ્યું તેના બધા કામ થઇ જાય છે) આબે અક્ષરનો બનેલો શબ્દ 'મન' કેટલો અજીબ છે નહિ? દરેકને આ મન તો હોય છે પણ એને ચંચળ કહેવામાં આવ્યું છે કારણ આપણે બેઠા તો ભારતમાં હોઇએ છીએ પણ આ મન પળવારમાં તો વિદેશ પહોંચી જાય છે. દેહ સાથે બેઠું હોય સત્સંગમાં તો યો પહોંચી જાય ઘરમાં કામોમાં, ઓફિસના પડતર કામોમાં. કારણ એને ક્યાં ઉડાન ભરવા માટે પાંખો કે આંખોની જરૂર છે?"

પેલી કહેવત છે ને "જયાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ, જયાં ન પહોંચે ત્યાં પહોંચે અનુભવી" હું તો કહું છું જયાં ન પહોંચે અનુભવી ત્યાં પહોંચે મન(સ્વી). કારણ કવિ, રવિ અને અનુભવીને થોડોક તો સમય લાગતો હશે એ સ્થાને પહોંચતા/કહેવતને કાબિલ બનતાં. જયારે તો રવિથી ય વધુ ઝડપે ગમે ત્યાં પહોંચી જાય છે, ગમે તે વિચારવા લાગે છે. અને મહદ અંશે આપણે સૌ મનના ગુલામ બની જઇએ છીએ. કોઇ પણ વિચાર આવે એને અમલમાં કઇ રીતે મૂકવામાં આવે તે પણ મોટા ભાગે આપણું મન જ નક્કી કરે છે. અરે, આપણા મૂડનો માલિક પણ આ મન બની જાય છે.

આજે આ ખાવાનું મન છે, આજે ખાવાનું મન નથી. આજે કોઇની સાથે વાત કરવાનું મન નથી થતું, વગર કારણે કોઇને મારવાનું મન થાય છે તો કોઇને વહાલ તો કોઇને પ્રેમ કરવાનું મન થાય છે. તો આનો અર્થ શું થાય? એ જ ને કે આપણે મનના ગુલામ બની ગયા છીએ અને મન આપણો માલિક. માટે જ શરૂઆતમાં જણાવ્યું તેમ "મન કે હારે હાર, મન કે જીતે જીત." ક્યારેક તો આ મનને કારણે જાત પર ગુસ્સો આવે છે કે મેં આવું કેમ કર્યું? આવું ના કર્યું હોત તો આ સહન ના કરવું પડત અથવા આટલો સમય વ્યર્થ ના જાત, કોઇની સાથે સંબંધ ના બગડત, આ મેં પામી લીધું હોત. વગેરે તર્ક લગાડીને મનને અને પોતાને કોસીએ છીએ. તો પછી આનો ઉપાય શું?

જેમ, તાળું બન્યું હોય તો ચાવી બની જ હોય, તેમ જયાં પ્રશ્ન છે ત્યાં જવાબ પણ હોય જ અર્થાત્, રસ્તો પણ હોય જ. આપણે સૌ પ્રથમ તો આ મનને આપણાથી અલગ અસ્તિત્વ ગણવું પડશે. એ પણ એક નાના બાળક તરીકે મનને સાચવવું, સમજાવવું પડશે. એ ત્યારે શક્ય બનશે જયારે આપણે સજાગ હોઇશું કે મનને કંઇક તુક્કો સુજ્યો છે, કંઇક અવળચંડાઇ સૂજી છે કે કંઇક જીદ કે ખોટા વિચાર સૂજ્યા છે તે જાણી શકીશું. જેમ એક માતા ઘરકામ કરતા-કરતા, રસોઇ કરતાં કે પાણી ભરવા જતા તેડેલા બાળક તરફ પૂરતી સજાગ હોય છે તેમ. જેવી માતાને ખબર પડી જાય છે કે બાળક રડે છે કે કણસે છે અને હવે રડવાનું શરૂ કરી દેશે તો તરત તે બધા કામ પડતા મુકીને બાળકને શાંત પાડવા બેસી જાય છે. તમામ વ્યસ્તતા વચ્ચે પણ માતા બાળકને અગ્રતા આપે છે... થોડું મોટું બાળક હોય અને એ એવી જીદ લઇને બેસે કે જે એના માટે મોટું અહિત કરનારી હોય તો એને સમજાવવાનો પ્રયત્ન કરે છે અને ના માટે તો ઠપકો અને તેમ છતાં ના માને તો થોડું ઠપકારશે ય ખરી પણ ખોટી જીદ એમાં ય એને નુકશાનકર્તા હશે તે તો નહિ જ માને.

બસ, આ જ વસ્તુ આપણે મન સાથે કરવાની છે. મનને એક બાળક ગણીને તેના તરફ લક્ષ્ય આપવાનું છે જેવી ખબર પડે કે મન આડે પાટે જઇ રહ્યું છે, ન વિચારવાનું વિચારવા લાગ્યું છે, તરત બધું પડતું મુકીને મનને સમજાવીશું કે જો મન, આમ કરવાથી આવું અવળું પરિણામ આવશે. એટલે નુકશાન આપણને જ થશે, સામી વ્યક્તિએ ભલે આપણી સાથે જે કર્યું આપણે એવું જ કરીશું તો એમાં ને આપણામાં શું ભેદ? અને આ તું જે વિચારવામાં સમય બગાડે છે તેના કરતાં નામ સ્મરણમાં સમય વ્યતિત કર તો આપણને જ લાભ છે. આમ, મનને અલગ રાખીને એને સમજાવવાનો પ્રયત્ન કરીશું. તો એક બીજો લાભ એ થશે કે આપણે કોઇને સમજાવ્યાનું ગૌરવ પ્રાપ્ત કરી શકીશું એટલું જ નહિ જો એક વાર સફળ થયા તો આ આપણી દિનચર્યા બની જશે અને આપણે કેટલાય પાપોમાંથી મુક્ત થઇ જઇશું, મન કાબુમાં આવશે. સમયનો સદુપયોગ થશે, સંબંધો બગડતા અટકશે એટલું જ નહિ સુધરશે. જરૂર છે મનને કાચી માટીનું બાળક સમજવાની અને એ રીતે એની સાથે વર્તવાની, ક્યારેક પ્રેમથી, ક્યારેક કળથી તો ક્યારેક બળથી, કારણ આખરે તો "મન તો બચ્ચા હૈ જી".